# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 4-12-2021** **Morning : 7.45 to 7.55**

**Day: Saturday** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

.............................................................................

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ડિજિટલ ઈન્ડિયા હેઠળ પરિવર્તનાત્મક બાબતો દેશમાં લાગુ કરવા માટે નવીન નાણાકીય ટેકનોલોજી માટે દરવાજા ખોલ્યા છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉતરાખંડના દહેરાદુનમાં અઢાર હજાર કરોડ રૂપિયાના બહુવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.
- કેન્દ્ર સરકારે ઓમિક્રોન વેરિઅન્ટના ફેલાવાને રોકવા માટે વધુ સતર્ક રહેવા રાજ્યોને જણાવ્યું છે.
- **ટોકિયો ઓલિમ્પિક્સમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીતીને ઇતિહાસ સર્જનાર ખેલાડી નીરજ ચોપરા આજે ગુજરાતના અમદાવાદમાં આવેલા સંસ્કારધામની મુલાકાત લેશે.**
- ભારતની અનન્યા બંસલે ગઈ કાલે બહેરીનના મનામામાં એશિયા યુથ પેરાલિમ્પિક ગેમ્સની F-20 કેટેગરીમાં ગોળાફેંકમાં રજતચંદ્રક જીત્યો હતો.

---

**કોરોના અપીલ**

સમાચાર પહેલાં સાંભળીએ કોરોના અંગેનો આ સંદેશ....

(કોવિડ ટ્યુન)

**PM – ઇન્ફિનિટી ફોરમ**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ટેક્નોલોજી અપનાવવામાં અથવા નવીનતા લાવવામાં આપણે કોઈથી પાછળ નથી એ વિશ્વમાં સાબિત કરી દીધું છે. તેમણે જણાવ્યું કે,**

ડિજિટલ ઈન્ડિયા હેઠળ પરિવર્તનાત્મક બાબતો દેશમાં લાગુ કરવા માટે નવીન નાણાકીય ટેકનોલોજી માટે દરવાજા ખોલ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઈન્ફિનિટી ફોરમનું ઉદ્ઘાટન કર્યું. ગિફ્ટ સિટી અને બ્લૂમબર્ગના સહયોગથી ભારત સરકારના નેજા હેઠળ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર્સ ઓથોરિટી દ્વારા આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ઇન્ડોનેશિયા, દક્ષિણ આફ્રિકા અને બ્રિટન આ ફોરમમાં સહયોગી દેશો છે. નાણાકીય ટેકનોલોજી- ફિનટેકના મહત્વ પર પ્રકાશ પાડતાં શ્રી મોદીએ જણાવ્યું કે, દેશમાં ગયા વર્ષે પ્રથમ વખત મોબાઇલ પેમેન્ટની સંખ્યા એટીએમ રોકડ ઉપાડ કરતાં વધી છે અને સંપૂર્ણ ડિજિટલ બેંકો વાસ્તવિકતા બની ગઈ છે.

આ ફોરમમાં 70 થી વધુ દેશોના પ્રતિનિધિઓ ભાગ લઇ રહયા છે. નીતિ પંચ, ઈન્વેસ્ટ ઈન્ડિયા, ફિક્કી અને નાસકોમ ઈન્ફિનિટી ફોરમની મુખ્ય સહયોગી સંસ્થાઓ છે.

પ્રધાનમંત્રી – ઉત્તરાખંડ

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે ઉત્તરાખંડના દેહરાદૂનની મુલાકાત લેશેતેઓ બપોરે . એક વાગ્યે અંદાજે અઢાર હજાર કરોડ રૂપિયાના બહુવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે .

જેમાં ખાસ કરીને  રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવાના પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત રહેશે, જે મુસાફરીને સરળ અને સુરક્ષિત બનાવશે અને આ પ્રદેશમાં પ્રવાસનને વેગ આપશે આ મુલાકાત . અને વિકાસ કાર્યો એક સમયે દૂરના ગણાતા વિસ્તારોમાં કનેક્ટિવિટી વધારવાના પ્રધાનમંત્રીના વિઝનને અનુરૂપ છે.

કેન્દ્ર - OMICRON

કેન્દ્ર સરકારે, ઓમિક્રોન વેરિઅન્ટના ફેલાવાને રોકવા માટે વધુ સતર્ક રહેવા જણાવ્યું છે.

કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે આ અંગે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અધિક મુખ્ય સચિવ અને અગ્ર સચિવને પત્ર લખ્યા છે. તેમણે કહ્યું કે, અન્ય દેશોમાંથી આંતરરાષ્ટ્રીય મુસાફરોનું જોખમ ધરાવતા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ખાસ તકેદારીની જરૂર છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયને એર સુવિધા પોર્ટલની ઍક્સેસ આપવામાં આવી છે. શ્રી ભૂષણે રાજ્યોને વિવિધ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી પોતપોતાના રાજ્યમાં આવતા મુસાફરોની વિગતો અગાઉથી જાણવા માટે દરરોજ પોર્ટલનો ઉપયોગ કરવા જણાવ્યું છે. તમામ પોઝિટિવ વ્યક્તિઓના સંપર્ક શોધવા એ મહત્વની ચાવી છે. તેમણે 72 કલાકની અંદર શોધીને ક્વોરેન્ટાઇન કરવા તથા પરીક્ષણ કરવું આવશ્યક છે. શ્રી ભૂષણે જણાવ્યું કે જે લોકોનો ટેસ્ટ પોઝિટિવ આવે છે તેમના સેમ્પલ આખા જીનોમ સિક્વન્સિંગ માટે ઝડપથી મોકલવા જોઈએ. તેમણે કહ્યું કે રસી લીધેલ વ્યક્તિઓ રોગની ગંભીરતાથી સુરક્ષિત છે. કોવિડ યોગ્ય વર્તણૂક પર ભાર મૂકવો જોઈએ અને તેનો અમલ કરવો જોઈએ. ભીડને નિયંત્રિત કરવી, માસ્ક પહેરવાનો આગ્રહ, અને સામાજિક અંતર લાગુ કરવા માટે તમામ પ્રયત્નો કરવા જોઈએ.

WHO વૈજ્ઞાનીક

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન WHOના મુખ્ય વૈજ્ઞાનિકે કહ્યું છે કે, ઓમિક્રોન વેરિઅન્ટ ખૂબ જ સંક્રમિત છે પરંતુ લોકોએ ગભરાવું જોઈએ નહીં .WHOના ટોચના વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામીનાથને કહ્યું કે, આપણે ગભરાવાની નહીં પણ તૈયાર અને સાવચેત રહેવાની જરૂર છેતેમણે જ .ણાવ્યું હતું કે, આ નવું સ્વરૂપ ઝડપથી સંક્રમિત કરે છે, દક્ષિણ આફ્રિકામાં પરિસ્થિતિ જોતા તે દર્શાવે છે કે કેસોની સંખ્યા દરરોજ બમણી થઈ રહી છે ડેલ્ટા .વેરીયન્ટ હાલમાં વૈશ્વિક સ્તરે 99% કેસ માટે જવાબદાર છે, તેમણે ઉમેર્યું કે યુરોપિયન યુનિયન અને ઑસ્ટ્રેલિયાના વૈજ્ઞાનિકો આગાહી કરી રહ્યા છે કે ઓમિક્રોન થોડા મહિનામાં ડેલ્ટા કરતાં વધુ ચેપ માટે જવાબદાર હોઈ શકે છે.

એલએસઆયુષ્માન ભારત-

કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉમનસુખ માંડવિયાએ કહ્યું છે કે આરોગ્ય વીમા યોજનાના . .કરોડથી વધુ આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે 17 લાભાર્થીઓને એક લેખિત જવાબમાં, તેમણે કહ્યું કે અંદાજે અઢી કરોડ લોકોને કરોડ રૂપિયાના દવાઓ 863 હજાર 28 હજાર જાહેર અને ખાનગી હોસ્પિટલોના નેટવર્ક દ્વારા 24 લગભગ .ચુકવવામાં આવ્યા છે અન્ય પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે સમગ્ર દેશમાં .અધિકૃત કરવામાં આવ્યા છે મ્યુકોર્માયકોસિસના તેમણે કહ્યું કે અસરગ્રસ્ત દર્દીઓની .કેસ નોંધાયા હતા 775 હજાર 51 બી દવાની ત્રણ લાખ -સારવાર માટે કેન્દ્ર સરકારે રાજ્યોને લિપોસોમલ એમ્ફોટેરિસિન .બોટલ ફાળવી હતી

PARL-PAC શતાબ્દી

સંસદની જાહેર હિસાબ સમિતિની સ્થાપનાને આજે 100 વર્ષ થશે. જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદ આજે સંસદના સેન્ટ્રલ હોલમાં બે દિવસીય શતાબ્દી સમારોહનું ઉદ્ઘાટન કરશે.

શ્રી ચૌધરીએ જણાવ્યું કે, ઉજવણીમાં વર્તમાન સમયમાં કામગીરી અને પડકારો અંગે ચાર થીમ આધારિત સત્રો યોજાશે. ઉદ્ઘાટન દરમિયાન, રાષ્ટ્રપતિ પીએસીની યાત્રાના 100 ગૌરવશાળી વર્ષો અને રાષ્ટ્રમંડળ દેશોના 15 સહિત 67 વિશેષ લેખો ધરાવતી સ્મરણિકા બહાર પાડશે.

શ્રી ચૌધરીએ જણાવ્યું કે, 1921 થી 2021 સુધીની ખાસ પળોને આવરી લેતા એક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરવામાં આવશે. શતાબ્દી સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ એમ.વેંકૈયા નાયડુ અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા સહિત તમામ રાજ્યની વિધાનસભાના અધ્યક્ષ અને રાજ્યની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ પણ ભાગ લેશે.

દેશ રસીકરણ

**દેશમાં એકસો 26 કરોડ 44 લાખથી વધુ કોવીડ વિરોધી રસીના ડોઝ આપવામાં આવ્યા છે આરોગ્ય . મંત્રાલયે કહ્યું કે ગઈકાલે રસીના 66 લાખ 58 હજારથી વધુ ડોઝ આપવામાં આવ્યા હતા.**

**એક અગત્યનો સંદેશ**

બધા જ ગ્રાહકોને આઝાદીના અમૃત મહોત્સવની શુભેચ્છા. હોલમાર્ક સોનાની શુદ્ધતાની ખાતરી આપે છે. હંમેશા હોલમાર્ક વાળા સોનાના દાગીના  ખરીદવાનો આગ્રહ રાખજો. ગ્રાહક બાબતોની કોઈપણ ફરિયાદ કરવા રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇનના ટોલ ફ્રી નંબર-૧૪૪૦૪નો ઉપયોગ કરજો. ભારત સરકારના ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા જનહિતમાં જારી. જાગો ગ્રાહક જાગો.

અગત્યનો સંદેશ પૂરો થયો.

## નીરજ ચોપડા – અમદાવાદ

**ટોકિયો ઓલિમ્પિક્સમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીતીને ઇતિહાસ સર્જનાર ખેલાડી નીરજ ચોપરા આજે ગુજરાતના અમદાવાદમાં આવેલા સંસ્કારધામની મુલાકાત લેશે. ભાલા ફેંકના આ સ્ટાર ખેલાડીએ એથ્લેટિક્સમાં ભારતને પ્રથમ સુવર્ણ ચંદ્રક જીતવાનું બહુમાન અપાવ્યું છે.**

**અમારા સંવાદદાતા જણાવે છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના અનુરોધ પર યોજાનારા આ કાર્યક્રમમાં નીરજ ચોપરા સંસ્કારધામ ખાતે ગુજરાતમાંથી પસંદ કરાયેલા વિધાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. સંસ્કારધામ શૈક્ષણિક સંકુલના નિયામક શ્રી હિરેન પરીખે જણાવ્યું કે  યુવા ખેલાડીઓ અને વિદ્યાર્થીઓ સાથેના આ વાર્તાલાપમાં નીરજ ચોપરા સંતુલિત આહારના મહત્વ અને રમતગમત અંગેના પોતાના અનુભવો જણાવશે.**

સંસ્કારધામ સંકુલમાં કેમ્પસ ઈનચાર્જ શ્રી બી.વી. મહેશ્વરી એ જણાવ્યું કે આ કાર્યક્રમમાં રાજયની ૭૫ સ્કુલના ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

WB-જવાદ

બંગાળના ઉપસાગરમાં સર્જાયેલું હવાનું હળવું દબાણ 25 કિલોમીટરની ઝડપે ઉત્તર તરફ વાયવ્ય ખૂણે આગળ વધ્યું છે અને તે તીવ્ર બનીને વાવાઝોડું જવાદ બને તેવી સંભાવના છે. તે વિશાખાપટ્ટનમથી લગભગ 420 કિલોમીટર દક્ષિણમાં અને ઓડીશાના ગોપાલપુરથી અગ્નિ ખૂણે 530 કિલોમીટર તથા પારાદીપથી નૈઋત્ય દિશામાં 650 કિલોમીટર છે. આજે તે ઉત્તર દિશામાં ઈશાન ખૂણે આગળ વધીને આવતીકાલે બપોર સુધીમાં ઓડિશાના દરિયાકાંઠે પુરી નજીક પહોંચે તેવી શક્યતા છે.

દરમિયાન, ઓડિશા અને આંધ્ર પ્રદેશ સરકારે વાવાઝોડા જવાદની અસરને પહોંચી વળવા માટે સંપૂર્ણ તૈયારીઓ કરી છે. ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ થાય તેવી શક્યતા છે. એનડીઆરએફ, ઓડીઆરએએફ અને ફાયર સર્વિસ ટીમો તૈનાત કરવામાં આવી છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના ડાયરેક્ટર જનરલ, અતુલ કરવાલે જણાવ્યું કે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ તથા આંદામાન અને નિકોબારમાં 46 ટીમ તૈનાત કરવામાં આવી છે, તથા 18 ટીમને અનામત રાખવામાં આવી છે.

એશિયા પેરાલિમ્પિક ગોલાફેક

ભારતની અનન્યા બંસલે ગઈ કાલે બહેરીનના મનામામાં એશિયા યુથ પેરાલિમ્પિક ગેમ્સની F-20 કેટેગરીમાં ગોળાફેંકમાં રજતચંદ્રક જીત્યો હતોઆ સાથે જ ભારત ને આ . ભારતની પેરાલિમ્પિક સમિતિના પ્રમુખ દીપા મલિકે .સ્પર્ધામાં પ્રથમ રજતચંદ્રક મળ્યો છે .અનન્યાના શાનદાર પ્રદર્શનની પ્રશંસા કરી છે

## હોકી

ભુવનેશ્વરમાં રમાયેલી પુરુષ  જુનિયર વર્લ્ડ કપ હોકી ટુર્નામેન્ટમાં ગઈકાલે સેમીફાઈનલ મેચમાં જર્મનીએ ભારતને 4-2થી હરાવ્યું હતુંબીજી સેમીફાઈનલમાં . રવિવારે ફાઇનલમાં જર્મની નો .આર્જેન્ટિનાએ ફ્રાન્સને શૂટઆઉટમાં હરાવ્યું હતું  મુકાબલો આર્જેન્ટિના સાથે થશેજયારે કાંસ્યચંદ્રક માટે ભારતનો મુકા .બલો ફ્રાન્સ સાથે થશે.

## ક્રિકેટ ટેસ્ટ

મુંબઈમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની બીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં, ગઈકાલે  પ્રથમ દિવસે ભારતે ચાર વિકેટે 221 રન કર્યા છે. રમત બંધ રહી ત્યારે, 120 રન સાથે મયંક અગ્રવાલ અને 25 રન પર રિદ્ધિમાન સાહા રમી રહ્યા છે.

આઉટ ફિલ્ડ અને પિચ ભીની હોવાના કારણે, વિલંબિત શરૂઆત પછી પ્રથમ બેટિંગ પસંદ કરીને  ભારતીય ઓપનરોએ પ્રથમ વિકેટ માટે 80 રન ઉમેર્યા. જો કે એજાઝ પટેલે ત્રણ ઓવરમાં ત્રણ વિકેટ લીધી હતી. વિરાટ કોહલી અને ચેતેશ્વર પૂજારા એક પણ રન કરી શક્યાન હતા.